# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 08-02-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day : SUNDAY** **National News**

## આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.

*****************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મલેશિયામાં આતંકવાદ પર ભારતના મક્કમ વલણનો પુનરોચ્ચાર કર્યો, કહ્યું કે આ મુદ્દા પર કોઈ બેવડા ધોરણો કે સમાધાન થશે નહીં.
2. ભારત અને મલેશિયાએ સુરક્ષા, સેમિકન્ડક્ટર, આરોગ્ય, દવા અને શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં સહયોગ વધારવા અનેક સમજૂતી કરારો કર્યા.
3. કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે જણાવ્યું હતું કે ભારત-અમેરિકા વચગાળાનો વેપાર કરાર કૃષિ અને ખેડૂતો માટે હિતાવહ
4. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભાજપની આગેવાની હેઠળની, વિચારધારા આધારિત સરકારે છત્તીસગઢ સહિત પછાત ગણાતા રાજ્યોમાં પરિવર્તન લાવ્યું છે
5. **UIDAI એ એક કરોડથી વધુ શાળાના બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ પૂર્ણ કર્યું**

…………………………………………………………

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM - MALAYSIA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કુઆલાલંપુરમાં મલેશિયાના પ્રધાનમંત્રી અનવર ઇબ્રાહિમ સાથે દ્વિપક્ષીય વાટાઘાટો કરી. આ વાટાઘાટો સંરક્ષણ અને સુરક્ષા સંબંધો વધારવા અને આર્થિક અને નવીન ભાગીદારીને પ્રોત્સાહન આપવા પર કેન્દ્રિત હતી.

દરમિયાન, બંને પક્ષોએ અનેક કરારો અને દસ્તાવેજોનું આદાન-પ્રદાન કર્યું. આમાં આપત્તિ વ્યવસ્થાપન, ઑડિઓવિઝ્યુઅલ સહ-ઉત્પાદન, ભ્રષ્ટાચાર નિવારણ અને નિયંત્રણ, સેમિકન્ડક્ટર વિકાસ, આરોગ્ય અને દવા, શિષ્યવૃત્તિ સંસ્થાઓ અને NPCI ઇન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ અને પેનેટ ઓફ મલેશિયા વચ્ચે સમજૂતી કરારનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારત અને મલેશિયા વચ્ચે દરિયાઈ સુરક્ષા, સંરક્ષણ અને આતંકવાદ વિરોધી ક્ષેત્રમાં સહયોગ વિસ્તરશે.

(BYTE – PM MODI – TERROR)

શ્રી મોદીએ જણાવ્યું હતું કે આતંકવાદ પર ભારતનું વલણ સ્પષ્ટ છે. આતંકવાદ પર કોઈ બેવડા ધોરણો હોઈ શકે નહીં, અને આતંકવાદ પર કોઈ સમાધાન થશે નહીં.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે ઊર્જા, માળખાગત સુવિધા, ઉત્પાદન અને ડિજિટલ અર્થતંત્રમાં બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય સહયોગ પણ મજબૂત થઈ રહ્યો છે.  અગાઉ, પ્રધાનમંત્રીએ આસિયાન પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો અને મલેશિયાને આસિયાનના અધ્યક્ષપદ બદલ અભિનંદન આપ્યા હતા.

દરમિયાન એક સંયુક્ત નિવેદનમાં, ભારત અને મલેશિયાએ 2024 માં સ્થાપિત વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. બંને પક્ષો વેપારને પ્રોત્સાહન આપવા અને માળખાગત સુવિધા, નવીનીકરણીય ઉર્જા, અદ્યતન ઉત્પાદન, સેમિકન્ડક્ટર અને ડિજિટલ ટેકનોલોજી જેવા મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારવા સંમત થયા હતા.

સંયુક્ત નિવેદનમાં મલેશિયા-ભારત ડિજિટલ કાઉન્સિલની ઔપચારિક સ્થાપના અને વેપાર અને પર્યટનને ટેકો આપવા માટે સરહદપાર પેમેન્ટ લિંક્સ સ્થાપિત કરવાના પ્રયાસોનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. બંને દેશોએ સેમિકન્ડક્ટર ક્ષેત્ર અને સ્વચ્છ ઉર્જામાં ગાઢ સહયોગ પર પણ ભાર મૂક્યો હતો. સંયુક્ત નિવેદનમાં વધુમાં જણાવાયું છે કે બંને નેતાઓએ આશિયાનની કેન્દ્રિયતા, મુક્ત અને ખુલ્લા ઇન્ડો-પેસિફિક અને બહુપક્ષીય મંચો પર ગાઢ સંકલન માટે તેમના સમર્થનની પુષ્ટિ કરી.

----------

## SHIVRAJSINH CHAUHAN ON CONGRESS

ભારત-અમેરિકા વેપાર કરારની કોંગ્રેસની ટીકાનો જવાબ આપતા કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે આ કરાર કૃષિ અને ખેડૂતોના હિતોનું સંપૂર્ણ રક્ષણ કરે છે, અને તેમાં મુખ્ય કૃષિ ઉત્પાદનોનો સમાવેશ કરવામાં આવ્યો નથી.

શ્રી ચૌહાણે આજે મધ્યપ્રદેશની રાજધાની ભોપાલમાં પત્રકારો સાથે ભારત-અમેરિકા વેપાર કરાર અંગે વાત કરી. શ્રી ચૌહાણે જણાવ્યું કે આ કરારમાં ભારતીય કૃષિની અખંડિતતા જાળવી રાખવામાં આવી છે.

(BYTE- SHIVRAJSINH CHAUHAN)

----------

## India-US Trade Agreement - Diamond Sector

હીરા ક્ષેત્રએ ભારત-અમેરિકા વેપાર કરારનું સ્વાગત કર્યું છે. મુંબઈ સ્થિત હીરા પેઢીના માલિક દિનેશ લાખાણીએ આકાશવાણી સાથેની વાતચીમાં જણાવ્યું હતું કે આ વેપાર કરાર હીરા ક્ષેત્રમાં કામ કરતા દસ લાખથી વધુ લોકોને અસંખ્ય લાભો પ્રદાન કરશે.

તેમણે કહ્યું કે ટેરીફ ઘટવાથી નિકાસને વેગ મળશે અને જ્વેલરી ક્ષેત્રમાં રોજગારની નવી તકો ઊભી થશે. દિનેશ લાખાણીએ આ કરારને વિકસિત દેશ તરફ ભારતની સફરમાં એક મહત્વપૂર્ણ પગલું ગણાવ્યું.

(BYTE- DINESH LAKHANI)

----------

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ

newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

---------------------------------------------------------------------------

## President of Seychelles - Delhi

ચેન્નાઈ અને મુંબઈમાં સફળ બેઠકો બાદ સેશેલ્સના રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિની નવી દિલ્હી પહોંચ્યા છે. વિદેશ મંત્રાલયે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું છે કે સેશેલ્સના રાષ્ટ્રપતિએ અગાઉ ચેન્નાઈ અને મુંબઈમાં શાસન, ઉદ્યોગ, દરિયાકાંઠાનું સંચાલન અને આરોગ્ય ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોના મુખ્ય હિતધારકોને મળ્યા હતા.

રાષ્ટ્રપતિ પેટ્રિક હર્મિનીની પાંચ દિવસની સત્તાવાર મુલાકાત ભારત-સેશેલ્સ રાજદ્વારી સંબંધોની સુવર્ણ જયંતિ સાથે સુસંગત છે. સેશેલ્સ ભારતનો એક મહત્વપૂર્ણ દરિયાઈ પડોશી છે.

----------

## Chhattisgarh - Amit Shah

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે ભાજપની આગેવાની હેઠળની, વિચારધારા આધારિત સરકારે છત્તીસગઢ સહિત એક સમયે

પછાત ગણાતા રાજ્યોમાં પરિવર્તન લાવ્યું છે. નવા રાયપુરમાં "છત્તીસગઢ @ 25: શિફ્ટિંગ ધ લેન્સ: સિક્યુરિટી, પ્રોસ્પેરિટી અને સ્ટેબિલિટી" શીર્ષક હેઠળના આયોજક કોન્ક્લેવના સમાપન સત્રમાં બોલતા, શ્રી શાહે કહ્યું કે છત્તીસગઢે 7.5 ટકાનો વિકાસ દર હાંસલ કર્યો છે, જેમાં કૃષિમાં 17 ટકા, ઉદ્યોગમાં 48 ટકા અને સેવા ક્ષેત્રમાં 35 ટકાનો વિકાસ થયો છે. તેમણે નોંધ્યું કે યુરોપિયન સંઘના પ્રમુખે તાજેતરમાં કહ્યું હતું કે જ્યારે ભારત સ્થિર હોય છે, ત્યારે આખું વિશ્વ સલામત અને સ્થિર બને છે. તેમણે કહ્યું કે આ ત્રણ શબ્દો: સુરક્ષા, સમૃદ્ધિ અને સ્થિરતા, કોન્ક્લેવની થીમ સાથે પડઘો પાડે છે.

છત્તીસગઢની તેમની એક દિવસની મુલાકાત દરમિયાન, ગૃહમંત્રીએ નક્સલ વિરોધી કામગીરી અને વિવિધ વિકાસ કાર્યોની સમીક્ષા કરવા માટે રાયપુરમાં બે ઉચ્ચ-સ્તરીય બેઠકો યોજી હતી.

----------

## Income tax

સરકારે આવકવેરા નિયમો અને ફોર્મ, 2026 ના મુસદ્દા પર જાહેર જનતા અને હિતધારકો પાસેથી સૂચનો આપવા જણાવ્યું છે. આ મહિનાની 22 તારીખ સુધી આવકવેરા કચેરીના સત્તાવાર પોર્ટલ પર આ સૂચનો મોકલી શકાશે.

આવકવેરા કચેરીએ માહિતી આપી છે કે મુસદ્દા નિયમો જાહેર ડોમેનમાં ઉપલબ્ધ છે. આનો હેતુ પારદર્શિતાને પ્રોત્સાહન આપવા અને સહભાગી અને અસરકારક નિયમ ઘડતર પ્રક્રિયા સુનિશ્ચિત કરવાનો છે.

----------

## Fact Check - India-US Agreement

સરકારે સોશિયલ મીડિયા પર ફરતા એક વીડિયોનું ખંડન કર્યું છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારત-અમેરિકા વેપાર કરાર ભારતીય ખેડૂતોને નુકસાન પહોંચાડશે. પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોના ફેક્ટ-ચેકિંગ યુનિટે જણાવ્યું છે કે આ દાવો ગેરમાર્ગે દોરનારો છે. આ AI-જનરેટેડ વીડિયો ભ્રમ ફેલાવવાના ઇરાદાથી પ્રસારિત કરવામાં આવી રહ્યો છે. સરકારે સ્પષ્ટતા કરી છે કે ભારત-અમેરિકા વેપાર કરાર દેશના કૃષિ અને ડેરી ક્ષેત્રો સાથે સમાધાન કરતો નથી.

પ્રેસ ઇન્ફર્મેશન બ્યુરોએ નાગરિકોને સચોટ માહિતી માટે હંમેશા સત્તાવાર સ્ત્રોતો પર આધાર રાખવા વિનંતી કરી છે.

----------

## MANDAVIYA PORBANDAR

કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ પોરબંદરના રાણાવાવ અને કુતિયાણાના ગ્રામ્ય વિસ્તારોમાં જનસંપર્ક સાધ્યો. તેમની સાથે રાજ્યના કેબિનેટ મંત્રી અર્જુન મોઢવાડિયા પણ જોડાયા હતા. આ મુલાકાત

દરમિયાન શ્રી માંડવીયાએ જણાવ્યું હતું કે, સરકારની પ્રાથમિકતા હંમેશા છેવાડાના ગામડા અને ગરીબ કલ્યાણની રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારના સંયુક્ત પ્રયાસોથી પોરબંદર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓનું વિસ્તરણ કરવામાં આવી રહ્યું છે.

----------

## UIDAI - MBU

યુનિક આઇડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઇન્ડિયા -UIDAI એ એક કરોડથી વધુ શાળાના બાળકો માટે ફરજિયાત બાયોમેટ્રિક અપડેટ પૂર્ણ કર્યું છે.

ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેક્નોલોજી મંત્રાલયે જણાવ્યું હતું કે ઓથોરિટીના પ્રાદેશિક કાર્યાલયો અને રાજ્ય શિક્ષણ વિભાગોએ, એક મિશન મોડમાં કામ કરીને, માત્ર પાંચ મહિનામાં ૮૩ હજાર શાળાઓમાં બાયોમેટ્રિક અપડેટ કેમ્પનું આયોજન કર્યું હતું. બાળકોને પ્રોત્સાહિત કરવા અને આ સેવા બધા માટે સુલભ બનાવવા માટે, ઓથોરિટીએ 7 થી 15 વર્ષની વયના બાળકો માટે ફી માફ કરી દીધી છે.

----------